Wednesday
09.11.2022
*Volume :7 * Issue No.99
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-




# "ગુરબાનીમાંથી આપણને પ્રાપ્ત દિશા એક પરંપરા, એક વિશ્વાસ છે તેમજ વિકસિત ભારતનું વિઝન પૂરું પાડે છે" :પ્રધાનમંત્રી

### પ્રધાનમંત્રી મોદી શ્રી ગુરુ નાનક દેવજીના ૫૫૩મા પ્રકાશ પર્વની ઉજવણીમાં સામેલ થયા

**"ગુરુ નાનક દેવજીના વિચારોથી પ્રેરિત થઈને દેશ ૧૩૦ કરોડ ભારતીયોના કલ્યાણની ભાવના સાથે અગ્રેસર થઈ રહ્યો છે"**

**"સમર્પણની સર્વોચ્ચ ભાવનાને પ્રોત્સાહન આપવા માટે દેશવાસીઓએ અમૃત કાળની ઉજવણી કર્તવ્યકાળ તરીકે કરવાનો નિર્ણય લીધો છે"**

## "દરેક પ્રકાશ પર્વનો પ્રકાશ દેશનું દિશાદર્શન કરે છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં શીખ ગુરુ નાનક દેવજીના ૫૫૩મા પ્રકાશ પર્વની ઉજવણીમાં સામેલ થયા હતા તથા પૂજાપ્રાર્થના કરી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રીનું શાલ ઓઢાડી, સિરોપા અને તલવારની ભેટ ધરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એકત્ર થયેલા દરેક લોકોને પ્રધાનમંત્રીએ ગુરુપરબ અને પ્રકાશ પર્વ તેમજ દેવદિવાળી (દેવ દિપાવલી)ના પાવન પર્વની શુભેચ્છા પાઠવી હતી. તેમણે મહત્વપૂર્ણ પ્રકાશ પર્વોની ઉજવણી કરવાની તક ધરાવવા બદલ તેમની ખુશી વ્યક્ત કરી હતી, જેમ કે ગુરુ ગોવિંદ સિંઘજીના ૩૫૦મા પ્રકાશ પર્વ, ગુરુ તેગ બહાદુરજીના ૪૦૦મા પ્રકાશ પર્વ અને ગુરુ નાનક દેવજીના ૫૫૦મા પ્રકાશોત્સવ. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ પાવન પર્વોની પ્રેરણા અને આશીર્વાદ નવા ભારતની ઊર્જા સાથે વધી રહ્યાં છે...દરેક પ્રકાશ પર્વનો પ્રકાશ દેશ માટે પ્રકાશપૂંજ તરીકે કામ કરી રહ્યો છે." તેમણે શીખ સમુદાય દ્વારા ઉજવણી થઈ રહેલા પ્રકાશ પર્વના અર્થને સમજાવ્યો હતો, જે ફરજ અને સમર્પણના રાષ્ટ્રીય માર્ગને પ્રશસ્ત કરે છે. પ્રધાનમંત્રીએ આ પાવન પર્વો પર ગુરુ કૃપા, ગુરબાની અને લંગર કા પ્રસાદ પ્રત્યે તેમનું સમર્પણ વ્યક્ત કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "આ પાવન પર્વો આંતરિક શાંતિની સાથે સમર્પણ, શાશ્વતતા સાથે સેવા આપવાનું ચાલુ રાખશે."પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ગુરુ નાનક દેવજીના વિચારોથી પ્રેરિત થઈને દેશ ૧૩૦ કરોડ ભારતીયોના કલ્યાણની ભાવના સાથે અગ્રેસર થઈ રહ્યો છે." પ્રધાનમંત્રીએ ગુરુ નાનક દેવજીના આધ્યાત્મિક ઉન્નતિ માટે, વૈશ્વિક સમૃદ્ધિ અને સામાજિક સંવાદિતાના ઉપદેશોને યાદ કર્યા હતા. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આઝાદી કા અમૃત કાળમાં દેશમાં રાષ્ટ્રીય ભવ્યતા અને આધ્યાત્મિક ઓળખની દ્રષ્ટિએ ગર્વની ભાવના પુનઃજાગ્રત થઈ છે. ફરજની સર્વોચ્ચ ભાવનાને પ્રોત્સાહન આપવા માટે દેશવાસીઓએ આ તબક્કાને કર્તવ્યકાળ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે. આઝાદી કા અમૃત કાળના આ તબક્કા દરમિયાન સમાનતા, સંવાદિતતા, સામાજિક ન્યાય અને એકતાની કામગીરી સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ અને સબ કા પ્રયાસ સાથે ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, "આપણને ગુરુબાનીમાંથી આપણી પરંપરા, આપણા વિશ્વાસ તેમજ વિકસિત ભારત માટેના વિઝનનો ચિતાર પણ મળે છે." ગુરુના ઉપદેશની શાશ્વત પ્રાસંગિકતા પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આપણી પાસે ગુરુ ગ્રંથસાહિબ સ્વરૂપે અમૃત છે. એની ભવ્યતા, એનું મહત્વ સમય અને ભૂગોળની મર્યાદાથી પર છે. આપણે એ પણ જોયું છે કે, જ્યારે કટોકટી મોટી થાય છે, ત્યારે આ સમાધાનોની પ્રાસંગિકતા પણ વધી જાય છે. હાલ દુનિયા અસ્થિરતા, અશાંતિ અને અરાજકતામાંથી પસાર થઈ રહી છે. આ કટોકટીના સમય ગાળામાં ગુરુસાહિબના ઉપદેશો અને ગુરુ નાનક દેવજીનું જીવન દિવાદાંડીની જેમ દુનિયાને દિશા પૂરી પાડે છે." પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, આપણે ગુરુઓના આદર્શોને અનુરૂપ જીવન જીવવાનો જેટલો વધારે પ્રયાસ કરીશું, એટલી જ વધારી રીતે આપણે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ચરિતાર્થ કરીશું. આપણે માનવતાના મૂલ્યોને જેટલું વધારે મહત્વ આપીશું, એટલી જ વધારે અને સ્પષ્ટ રીતે દરેક વ્યક્તિ સુધી ગુરુસાહિબોના ઉપદેશો પહોંચશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગુરુ નાનકજીના આશીર્વાદ સાથે અમને છેલ્લાં આઠ વર્ષ દરમિયાન શીખ સમુદાયના મહાન સાંસ્કૃતિક વારસાની સેવા કરવાની અમને તક મળી હતી. તેમણે ગોવિંદ ઘાટથી હેમકુંત સાહિબ સુધી રોપવેના શિલારોપાણ તથા યાત્રાળુઓની સુવિધાઓ માટે દિલ્હી ઉના વંદે ભારત એક્સપ્રેસનો ઉલ્લેખ કર્યો હતો. ગુરુ ગોવિંદસિંઘજી અને દિલ્હી કટરા અમૃતસર એક્સપ્રેસવે સાથે સંબંધિત સ્થાનોના વીજળીકરણથી પણ સુવિધામાં વધારો થશે. તેમણે જાણકારી આપી હતી કે, સરકારે આ સુવિધાઓ ઊભી કરવા પર રૂ. ૩૫ હજાર કરોડથી વધારેનો ખર્ચ કર્યો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્રયાસો સુવિધાઓ અને પ્રવાસનની સંભવિતતાથી વિશેષ છે, આ આપણા ધાર્મિક સ્થાનો, શીખોના સાંસ્કૃતિક વારસા, સેવા, પ્રેમ અને સમર્પણના સ્થાનોની ઊર્જા સાથે સંબંધિત છે. પ્રધાનમંત્રીએ કરતારપુર સાહિબ કોરિડોરની શરૂઆત, અફઘાનિસ્તાનમાંથી ગુરુ ગ્રંથસાહિબના પવિત્ર સ્વરૂપોને પરત લાવવા અને ૨૬ ડિસેમ્બરને સાહિબ ઝાદાઓના સર્વોચ્ચ ત્યાગના માનમાં વીર બાલ દિવસ તરીકે જાહેર કરવા જેવા વિવિધ પગલાંનો ઉલ્લેખ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતના વિભાજનમાં આપણા પંજાબના લોકોએ આપેલા ત્યાગ અને બલિદાનની યાદમાં દેશમાં વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસની શરૂઆત પણ કરવામાં આવી છે. અમે સીસીએ ધારા લાવીને વિભાજનથી અસરગ્રસ્ત હિંદુ-શીખ પરિવારોને નાગરિકતા આપવાનો વિકલ્પ ઊભો કરવાનો પણ પ્રયાસ કર્યો છે." પ્રધાનમંત્રીએ પોતાનું સંબોધન પૂર્ણ કરતાં કહ્યું હતું કે, "મને પૂરો વિશ્વાસ છે કે, ગુરુઓના આશીર્વાદ સાથે ભારત એની શીખ પરંપરાઓની ભવ્યતા વધારવાનું ચાલુ રાખશે અને પ્રગતિના પંથ પર અગ્રેસર થવાનું જાળવી રાખશે."



**"આઝાદી કા અમૃત કાળમાં દેશમાં રાષ્ટ્રની ભવ્યતા અને આધ્યાત્મિક ઓળખમાં ગર્વની ભાવના પુનઃજાગ્રત થઈ છે"**

## લાલકૃષ્ણ અડવાણીના જન્મદિવસે પ્રધાનમંત્રી તેમના નિવાસ્થાન પહોંચ્યા





કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે બીજેપીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને જન્મદિવસની શુભેચ્છા આપવા તેમના ઘરે પહોંચ્યા હતા. રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ અડવાણીને જન્મદિવસની શુભેચ્છા આપવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ભારતના ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી મંગળવારે (૮ નવેમ્બર) ૯૫ વર્ષના થયા. ભાજપના દિગ્ગજ નેતાને તેમના જન્મદિવસ પર ઘણા કેન્દ્રીય મંત્રીઓએ સોશિયલ મીડિયા પર શુભેચ્છા પાઠવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ મંગળવારે સવારે અડવાણીના ઘરે પહોંચ્યા અને તેમની સાથેની તેમની મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી. હાલમાં મોસ્કોની મુલાકાતે ગયેલા વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્વિટર પર અડવાણીને અભિનંદન પાઠવ્યા અને લખ્યું કે 'આદરણીય લાલકૃષ્ણ અડવાણીજીને જન્મદિવસની શુભેચ્છા. રાષ્ટ્ર માટે તેમનું અસંખ્ય યોગદાન અને સેવાઓ આપણને હંમેશ માટે પ્રેરણા આપતી રહેશે. ગૃહમંત્રી અમિત શાહે પણ અડવાણીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે લખ્યું, 'આદરણીય લાલકૃષ્ણ અડવાણીજીને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

અડવાણીજીએ એક તરફ પોતાની સતત મહેનતથી દેશભરમાં સંગઠનને મજબૂત બનાવ્યું તો બીજી તરફ સરકારમાં રહીને દેશના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું. તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું. કેન્દ્રીય પ્રધાનો રાજીવ ચંદ્રશેખર અને કિરેન રિજજુએ પણ ભારતના ૭મા નાયબ વડા પ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી અને આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપ સિંહ પુરીએ ટ્વિટર પર લખ્યું, 'ભાજપના અગ્રણી દીવાદાંડી, ભારતના રાજકીય દિગ્ગજ, એક ઉત્તમ માનવી અને પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણીજીને જન્મદિવસની શુભેચ્છા. 'નોંધપાત્ર રીતે, લાલકૃષ્ણ અડવાણી કિશોરાવસ્થામાં જ આરએસએસના સભ્ય બન્યા હતા. તેઓ ભાજપના સહ-સ્થાપક અને વરિષ્ઠ નેતા છે. તેઓ ૧૯૯૦ના દાયકામાં દેશભરમાં હિન્દુત્વની રાજનીતિ ફેલાવવા માટે જાણીતા છે.

## કેન્દ્રીય બજેટમાં ચીન સાથેના ઉત્પાદન ગેપને દૂર કરવા આવશે મોટી યોજના




કમલમ્ ન્યુઝ,બીજીંગ,

ચીનના અર્થતંત્રમાં ધીમી ગતિ આવી રહી છે અને તેનો સીધો જ લાભ ભારતીય અર્થતંત્રને મળી રહ્યો છે અને આડકતરી રીતે પણ ભારતીય ઉદ્યોગ જગતને મોટો અવકાશ મળી રહ્યો છે ત્યારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતા રમણ આગામી કેન્દ્રીય બજેટમાં ઉત્પાદનના ક્ષેત્રને મોટી રાહતો આપી શકે છે. દેશમાં નાના થી માંડીને મોટા ઉત્પાદન ક્ષેત્ર તેમજ નિકાસ આધારિત ક્ષેત્રોને ઉત્તેજન આપવા માટેના કેટલાક મહત્વના રાહત રૂપ પગલાં લેશે અને ખાસ કરીને ચીન સાથેના ઉત્પાદન ગેપને દૂર કરવા માટેની મોટી યોજના રજૂ કરશે તેઓ સંકેત આપી દેવામાં આવ્યો છે અને દેશના ઉત્પાદન ક્ષેત્રમાં નવેસરથી એક મોટી આશા જાગી છે. નાણામંત્રાલય દ્વારા બજેટ પહેલાની ચર્ચાઓ અને બેઠકોનો દોર અત્યારે ચાલી રહ્યો છે અને વિવિધ મંત્રાલયો અને વિભાગો સાથે મહત્વની ચર્ચા થઈ રહી છે અને તે દરમિયાન ઉત્પાદન ક્ષેત્રને ઉત્તેજન આપવા માટેની યોજનાઓ તૈયાર કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. લોકલ ઉત્પાદકો તેમજ નિકાસ ક્ષેત્રને અલગ અલગ પ્રકારની રાહતો અને સ્કીમો આપવાનો કેન્દ્ર સરકારનો વિચાર છે અને બજેટમાં ઉત્પાદન તેમજ નીકાસ ક્ષેત્રને મોટી ફાળવણી પણ કરવામાં આવશે તેવો સંકેત પણ આપવામાં આવી રહ્યો છે. ચીન નું અર્થતંત્ર ધીમું પડી ગયું છે અને કોરોના વાયરસ મહામારી ત્યાં નવેસરથી ફેલાય છે ત્યારે તેમાં ઝડપ આવવાની સંભાવના ખૂબ જ ઓછી દેખાઈ રહી છે અને એ જ રીતે મોટાભાગની કંપનીઓ પણ ચીન છોડીને ભારતમાં આવી રહી છે અને કેનેડા જઈ રહી છે અને ભારત આ તકને ઝડપી લેવા માટે તૈયાર છે અને એટલા માટે જ આગામી કેન્દ્રીય બજેટમાં મોટી રાહતો અને નવી સ્કીમો તેમજ પ્રોત્સાહક યોજનાઓ આપવામાં આવશે.

## ખંભાતના ૧૩.૭૫ લાખના ચોખા અન્ય જગ્યાએ વેચ્યાના પ્રકરણમાં પોલીસે કન્ટેનરને ઝડપી પાડ્યું



કમલમ્ ન્યુઝ,ખંભાત

ખંભાતના કંસારી મિલમાંથી ૧૩.૭૫ લાખના ચોખા લઈ જઈ કન્ટેનર ચાલકે બારોબાર વેચી દેવાના મામલે પોલીસ ફરિયાદ નોંધાય હતી. જે બાદ પોલીસે અલગ અલગ ટીમ બનાવી મુંબઈ ખાતે તપાસ હાથ ધરી હતી. જેમાં મુંબઇ ખાતેથી કન્ટેનર તેમજ ૫૦૦ કટા મળી આવ્યા હતા. પોલીસ દ્વારા કન્ટેનર સહિત ચોખાનો જથ્થો જપ્ત કરી ખંભાત ખાતે લાવામાં આવ્યો છે અને ફરાર કન્ટેનર ચાલકને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ખંભાતના કંસારી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ભોલેનાથ રાઈસમીલના કંસારી જીઆઈડીસી ખાતે આવેલી છે. જ્યાંથી રાજ્ય બહાર તેમજ મુંબઈમાં જુદા જુદા વેપારીઓને રાઈસ વેચાણ કરવામાં આવે છે. ગત તારીખ ૧૮/૧૦/૨૨ના રોજ રણજીત રોડલાઈન્સનું કન્ટેનર રૂપિયા ૧૩,૭૫,૦૦૦ના ચોખા લઈ કન્ટેનર ચાલક સુનિલ કુમાર છોટાલાલ યાદવ ખંભાત ખાતેથી ભરી મુંબઈ અલગ અલગ વેપારીઓને આપવા માટે નીકળ્યો હતો. ચાલક સુનિલકુમાર છોટાલાલ યાદવે ઓર્ડર પ્રમાણેનો માલ મુંબઈ ખાતેના પહોંચાડી માલની બીજી જગ્યાએ વેચી દેતા અને વેપારીઓને માલના પહોંચાડતા ખંભાત કંસારી રાઈસ મીલના માલિક દ્વારા ખંભાત શહેર પોલીસ સ્ટેશન ખાતે વિશ્વાસઘાત અને છેતરપિંડીની પોલીસ ગુનો નોંધાવ્યો હતો. જે બાદ પોલીસ દ્વારા અલગ અલગ ટીમ બનાવી મુંબઈ ખાતે તપાસ હાથ ધરી જેમાં મુંબઈ ખાતેથી કન્ટેનર તેમજ ૫૦૦ કટા મળી આવ્યા હતા. પોલીસ દ્વારા કન્ટેનર સહિત ચોખાનો જથ્થો જપ્ત કરી ખંભાત ખાતે લાવામાં આવ્યો હતો. રણજીત રોડ લાઈન્સના કન્ટેનર ચાલક દ્વારા ખંભાતના કંસારી મિલ ખાતેથી ૧૩ લાખ ૭૫ હજારના ચોખા લઈ મુંબઈ જવા રવાના થયો હતો. જે બાદ તેણે બારોબાર ચોખો અન્ય જગ્યાએ વેચી દીધા હતા. પોલીસ દ્વારા ૫૦૦ કટા ચોખા અને કન્ટેનર મળી આવ્યું છે. પરંતુ આરોપીનો કોઈ અતોપતો મળ્યો નથી અને હાલ પણ આરોપી ફરાર છે. પોલીસ દ્વારા રાજ્ય બહાર ટીમ મોકલી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## વિધાનસભા ચૂંટણી અન્વયે ભાજપના ચૂંટણી સંકલ્પપત્ર માટે નાગરિકોનો અભિપ્રાય મેળવવા પ્રદેશ ભાજપ દ્વારા શરૂ કરાયેલ 'અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર' અભિયાનનું શહેર ભાજપ દ્વારા સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું.









કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે, આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ભાજપના ચૂંટણી સંકલ્પપત્ર માટે નાગરિકોના સુઝાવ મેળવવા પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં શરૂ કરાયેલા અગ્રેસર ગુજરાત અભિયાનનું શહેર ભાજપ દ્વારા સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગરના મેયરશ્રી હિતેશ મકવાણા, મહામંત્રીશ્રીઓ ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અગ્રણીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ સે-૧ શોપિંગ સેન્ટર ખાતે નાગરિકોનો ચૂંટણી સંકલ્પ પત્રમાં સમાવેશ કરવા ઈચ્છતા મુદ્દાઓ અંગે અભિપ્રાય લઈને સુઝાવ પેટીમાં એકત્રિત કર્યા હતા. આ જ મુજબ આગામી દિવસોમાં ભાજપા સંગઠન દ્વારા દરેક વોર્ડમાં 'અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર' અભિયાન હેઠળ જનતાના અભિપ્રાય એકત્રિત કરવામાં આવશે.

